# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૧૯૮ તા.૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૯/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી જોટાણીયા મુક્તાબેન દેવશીભાઈ ગામ – જુનાગઢ

સબડીવીઝન: સેટેલાઈટ- જુનાગઢ

### :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે પ્રોજેકટ એન્જીનીયર શ્રી જસુભાઈ રાવલિયા હાજર રહેલ છે.

### :: કોરમ ::

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૧૩.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩.૦૮.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, હું ઉપરોક્ત ગ્રાહક નંબરથી વિજકનેક્શન ધરાવું છું મારા વિજબિલમાં જાન્યુ-ફેબ્રુ-૧૯ થી જાન્યુ-ફેબ્રુ-૨૦ સુધી રૂ.૨૩૯૦-૪૦ પૈસા ઉજાલા પંખા,ટ્યુબલાઇટના પૈસા ચડીને આવે છે જે મે લીધેલ નથી મે સેટેલાઈટ સબ-ડીવીઝનમાં વારંવાર રજુઆત કરેલ છે અને તા. ૭-૧૦-૨૦૨૦ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી શહેર વિભાગીય કચેરીને આપેલ અને નકલ અધિક્ષક ઈજનેરશ્રી ને પણ આપેલ છે તેમ છતાં આજદિવસ સુધી કોઈ નિરાકરણ આવેલ નથી જે

બાબતે યોગ્ય કરવા આપ સાહેબને નમ્ર અરજ આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ જયભારત સાથ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનુ કે,અત્રે ના હેઠળની સેટેલાઇટ સબ ડિવીઝન કચેરી ના ગ્રાહક શ્રી જોટાણિયા મુકતાબેન દેવશીભાઇ ગ્રા.નં.૮૫૦૨૭૦૮૦૮૬૭ ને માહે જાન્યુ-૧૯-જાન્ય-ફેબ્રુ-૨૦ સુધી ના સમયગાળામાં વસુલ કરવા માં આવેલ રૂા.૨૩૯૦ ઉજાલા ચાર્જ ની રકમ બાબતે ગ્રાહક દ્વારા સી.જી.આર.એફ.માં રજુઆત કરેલ છે.

૩.૧ આ સાથે સદર કેઇસ સંલગ્ન આધાર પુરાવાઓ/ગ્રાહક ની અરજીઓ તથા EESL ને કરેલ ઇ-મેઇલ ની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની રજુઆત મુજબ- તેઓના વીજ બિલ ગ્રાહક નંબર ૮૫૦૨૭૦૮૦૮૬૭ માં ઉજાલા ઉપકરણો હપતે થી ખરીદી કરેલ ન હોય છતાં રકમ વસૂલ કરેલ હોય- જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં-અરજદાર શ્રી એ અત્રે ના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પીઆરટી ૧૪૫ મુજબ સદર ગ્રાહક નં. ૮૫૦૨૭૦૮૦૮૬૭ ના વીજ બિલમાં રૂપિયા ૨૩૯૦/- ઉજાલા ચાર્જિસ વસુલાયેલ છે.

૪.૩ એનર્જી એફીસિઅન્સી સર્વિસીસ લીમીટેડ વતી શ્રી જસુભાઈ રાવલિયા હાજર રહેલ હતાં અને તેમના દ્વારા અરજદાર શ્રી દ્વારા કોઈ ઉજાલા ઉપકરણો ખરીદ કરેલ છે તે અંગે ના કોઈ પુરાવા રજુ કરી શકેલ નથી.

૪.૪ સદર કેઈસ માં ઉપરોક્ત મુદ્દા નં. ૨.૦ મુજબ ની વિગતે- અરજદાર શ્રી દ્વારા ઉજાલા ઉપકરણો ની ખરીદી ઈએમઆઈ પદ્ધતિ દ્વારા કરાયેલ હોય- તે બાબત ના આધાર- પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર ના વીજ બિલમાં ઉજાલા ચાર્જિસ પેટે રકમ વસુલેલ છે,તે તેઓના બિલિંગ ખાતામાં અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન-૩૦ માં જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામાં આવે છે.

૪.૫ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯